# 2024માં પ્રાથમિક શાળામાં દાખલો



બાળકો, માતાપિતાઓ અને સંભાળકર્તાઓ માટે શાળાએ જવાનું શરૂ કરવું એ ઉત્તેજક સમય હોય શકે છે. અમે, દાખલાની પ્રક્રિયા તમારા માટે જેમ બને તેમ સરળ કરવામાં મદદ કરવા ઇચ્છીએ છીએ.

*શિક્ષણ અને તાલીમ નવનિર્માણ કાયદા 2006* અંતર્ગત વિક્ટોરિયામાં, તમારા બાળકને તેમની નજીકની નિયુક્ત શાળા (તમારી 'સ્થાનિક શાળા')માં જવાનો હક છે.

તમારી સ્થાનિક શાળા ન હોય તેવી શાળામાં દાખલા માટે પણ તમે અરજી કરી શકો છો. જે તે શાળા નિયુક્તિ નીતિ મુજબ તમારી અરજી પર ધ્યાન આપશે. નિયુક્તિ નીતિ વિશે વધુ માહિતી માટે શાળામાં દાખલો

## ફાઉન્ડેશન (પ્રેપ) માટે નવી રાજ્યવ્યાપી સમયરેખા

પ્રાથમિક શાળાનાં પ્રથમ વર્ષને ફાઉન્ડેશન અથવા પ્રેપ કહે છે. વિક્ટેરિયાની બધી જ સરકારી પ્રાથમિક શાળાઓએ અનુસરવા માટેની ફાઉન્ડેશનમાં દાખલાની નવી સમયરેખા અમે બહાર પાડી છે (જુઓ પૃષ્ઠ 3). આ સમયરેખાનો હેતુ તમારા બાળકનો શાળાકીય વર્ષ 2024 માટે ફાઉન્ડેશનમાં ક્યારે અને કેવી રીતે દાખલો કરાવવો તે સમજવામાં મદદ કરવાનો છે.

## મારે મારા બાળકનો તેના પ્રાથમિક શાળાનાં પહેલાં વર્ષમાં ક્યારે દાખલ કરાવવો?

તમારું બાળક શાળાએ જવાનું શરૂ કરે તે વર્ષે 30 એપ્રિલ સુધીમાં તે 5 વર્ષનું થઇ ચુક્યું હોવું જોઇએ.

જે બાળકો 6 વર્ષના થઇ ચુક્યાં હોય તેમના માટે શાળાએ જવું ફરજિયાત છે.

તમારા બાળકને વિક્ટોરિયાની સરકારી પ્રાથમિક શાળામાં શાળાકીય વર્ષ 2024માં મોકલવા માટે, 28 જુલાઇ 2023 સુધીમાં જે તે શાળામાં દાખલાની અરજી જમા કરાવી દો.

## મારે મારા બાળકનો તેના પ્રાથમિક શાળાનાં પહેલાં વર્ષમાં દાખલો કેવી રીતે કરાવવો?

તમારા બાળકને પ્રાથમિક શાળાનાં તેમનાં પહેલાં વર્ષમાં દાખલો કરાવવા આ પગલાં લો:

1. ફાઇન્ડ માય સ્કુલ વેબસાઇટ (નીચે જુઓ) પર તમારી સ્થાનિક શાળા શોધો.
2. સરકારી પ્રાથમિક શાળાનો શાળાની મુલાકાત બુક કરાવવા અથવા શાળા અને દાખલાની અરજીની પ્રક્રિયા વિશે વધુ જાણવા, એક સરકારી પ્રાથમિક શાળાનો સંપર્ક કરો.
3. ફાઉન્ડેશન (પ્રેપ)માં દાખલાની માહિતી સંહિત ફાઉન્ડેશન (પ્રેપ)માં દાખલો પરથી ડાઉનલોડ કરો (24 એપ્રિલ 2023થી ઉપલબ્ધ).
4. **28 જુલાઇ 2023ને શુક્રવાર** સુધીમાં ફાઉન્ડેશન માટેની દાખલાની અરજી કરો.
5. તમારી અરજીના પરિણામની જાણ તમને **11 ઑગસ્ટ 2023ને શુક્રવાર સુધીમાં** કરવામાં આવશે. જો તમને પ્રવેશની દરખાસ્ત કરવામાં આવે તો, તમારે **25 ઑગસ્ટ 2023ને શુક્રવાર સુધીમાં** તે સ્વીકારી લેવી જોઇએ.
6. **સત્ર 4 2023 દરમ્યાન** દાખલા વિશે માહિતી અને સંક્રમણ સભાઓમાં ભાગ લો.
7. તમારું બાળક **30 જાન્યુઆરી 2024ને મંગળવારથી** ફાઉન્ડેશન શરૂ કરશે.

## હું મારી સ્થાનિક શાળા કેવી રીતે શોધું?

નીચેના પગલાં અનુસરીને ફાઇન્ડ માય સ્કુલ વેબસાઇટ પર તમારી સ્થાનિક શાળા શોધો:

1. તમારા બ્રાઉઝરમાં findmyschool.vic.gov.au દાખલ કરો.
2. 'Enter your address to get started' (શરૂ કરવા તમારું સરનામું લખો)ની નીચે તમારું કાયમી રહેઠાણનું સરનામું લખો.
3. 'Enrolment year' (દાખલાનું વર્ષ)માં 2024 પસંદ કરો. **નોંધ:** 2024 શાળા ક્ષેત્રો સત્ર 1, 2023નાં અંત ભાગમાં ઉપલબ્ધ થશે.
4. 'School type' (શાળા પ્રકાર)માં Primary (પ્રાથમિક) પસંદ કરો.

ત્યારબાદ નકશો તમારું સરનામું, તમારી સ્થાનિક શાળા અને ડાબી બાજુ શાળાની સંપર્કની વિગતો દર્શાવશે. જો તમે નીચે જશો તો, તે તમારાં સરનામાની સૌથી નજીક આવેલ પાંચ શાળાઓ પણ દર્શાવશે.

તમે 'Search for school' (શાળા શોધો)ની નીચે શાળાનું નામ લખીને પણ શોધી શકો છો.

## શું મારું બાળક અમારી સ્થાનિક શાળા ન હોય તેવી સરકારી પ્રાથમિક શાળામાં અરજી કરી શકે છે.

હા, તમે તમારી સ્થાનિક શાળા સિવાયની શાળાઓમાં અરજી કરી શકો છો. જે તે શાળા પ્રવેશ નીતિ અને ઉપલબ્ધ જગ્યા અનુસાર તમારી અરજી ધ્યાન પર લેશે. તમે શાળામાં દાખલો પૃષ્ઠ પર અરજીઓને કેવી રીતે અગ્રતા આપવામાં આવે છે તે વિશે માહિતી મેળવી શકો છો.

## મારી અરજી નિષ્ફળ રહી છે તેવો પત્ર મળે તો શું થશે?

તમારે તમારા બાળકનો દાખલો કરાવવા અન્ય શાળામાં અરજી કરવી જોઇએ. તમારા બાળકને તેમની સ્થાનિક શાળામાં પ્રવેશની ખાતરી આપવામાં આવે છે. તમારા બાળકની સ્થાનિક શાળા તેમના કાયમી રહેઠાણનાં સરનામાનાં આધારે નક્કી કરવામાં આવે છે. તમારા બાળકની સ્થાનિક શાળા જાણવા મારી શાળા શોધોની મુલાકાત લો. શાળામાં દાખલો પૃષ્ઠ પણ દાખલા માટે તમારા બાળકનાં સરમાની પુષ્ટી કરવામાં તમારી મદદ કરી શકે છે.

તમે નિર્ણય સામે અરજી પણ કરી શકો છો. ફાઉન્ડેશન (પ્રેપ)માં દાખલો લેવો પૃષ્ઠ પર દાખલાની અરજીનાં પરિણામ સામે અરજી કરવાની પ્રક્રિયાની માહિતી છે.

## જો હું દાખલાની સમયરેખા ચુકી જાઉં તો શું થશે?

તમે તમારા બાળકનો 2024ના શાળાકીય વર્ષમાં ફાઉન્ડેશનમાં દાખલો કરાવવાની અરજી સત્ર 2, 2023થી ગમે ત્યારે કરી શકો છો.

તમને દાખલાની અરજી શુક્રવારને 28 જુલાઇ 2023 સુધીમાં જમા કરાવી દેવાનું કહેવામાં આવ્યું હોવા છતાં, દાખલાની સમયરેખા ચુકી ગયા હોય, કાયમી રહેઠાણ બદલ્યું હોય અથવા વિક્ટોરિયામાં નવા આવ્યા હોય તેવા પરિવારો પાસેથી આ તારીખ પછી હજી પણ અરજીઓ સ્વિકારવામાં આવશે.

28 જુલાઇ 2023 પછી જમા થયેલ દાખલાની અરજીઓ પર, ખાતાની નિયુક્તિ નીતિ અનુસાર, શાળા દ્વારા જેમજેમ આવતી જાય તેમતેમ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## પ્રાથમિક શાળામાં દાખલા વિશે વધુ માહિતી હું ક્યાંથી મેળવી શકું ?

ફાઉન્ડેશન દાખલા પ્રક્રિયા વિશે વધુ માહિતી માટે તમે તમારી સ્થાનિક શાળાને પુછી શકો છો.

સત્ર 2, 2023ની શરૂઆત થતાં, શાળા શરૂ કરવી વેબપેજના ફાઉન્ડેશન (પ્રેપ)માં દાખલો લેવો પૃષ્ઠ પર પણ તમે ફાઉન્ડેશનમાં દાખલાની પ્રક્રિયા વિશેની માહિતી સંહિતા જોઇ શકશો.

જો તમારે તે માહિતી સંહિતાને ભાષાંતર કરાવવાની જરૂર હોય તો, કૃપા કરીને તમારી પ્રાથમિક શાળા સાથે સહાયતા માટે વાત કરો.

## હું મદદ માટે કોનો સંપર્ક કરું?

તમે અરજી કરવા ઇચ્છતાં હોવ તે પ્રાથમિક શાળાના સંક્રમણ સહનિર્દેશક, દાખલા અધીકારી અથવા આચાર્ય તમને દાખલાની પ્રક્રિયા વિશે કોઇ પ્રશ્નો હોય તો સહાય કરી શકે છે.

## ઉપયોગી કડીઓ

તમારું બાળક 2024માં પ્રાથમિક શાળામાં જવાનું શરૂ કરે ત્યારે કદાચ મદદરૂપ થઇ શકે તેવી નીચેની કડીઓ જોશો:

મારી શાળા શોધો - findmyschool.vic.gov.au

શાળા વિસ્તારો વિશે માહિતી - vic.gov.au/school-zones

ફાઉન્ડેશન (પ્રેપ)માં દાખલો લેવો - vic.gov.au/enrolling-foundation-prep

શાળામાં દાખલો લેવો - vic.gov.au/how-choose-school-and-enrol

વિકલાંગતા અને સમાવર્તી શિક્ષણ - vic.gov.au/disability-and-inclusive-education

પ્રાદેશિક કચેરીની સંપર્ક માહિતી - vic.gov.au/office-locations-department-education-and-training

# 2023-24ની સમયરેખા

| 2023 તારીખો | પ્રવૃત્તિ |
|---|---|
| **સત્ર 2: સોમવારને 24 એપ્રિલ 2023 - શુક્રવારને 23 જૂન 2023** | |
| **સત્રો 1 અને 2, 2023** | તેમના બાળક માટે 2024માં ફાઉન્ડેશન (પ્રેપ)માં દાખલો મેળવવા ઇચ્છતાં પરિવારો માટે, પ્રાથમિક શાળાઓ માહિતી હેતુ વિહાર, માહિતી સત્રો અને અન્ય પ્રવૃત્તિઓ યોજે છે. |
| **સત્ર 2, 2023ની શરૂઆતથી** | 2024 શાળાકીય વર્ષ માટે શાળા વિસ્તારો findmyschool.vic.gov.au પર જીવંત થશે<br><br>માતાપિતાઓ/સંભાળકર્તાઓએ findmyschool.vic.gov.au પર જઇને 2024 માટેની તેમનાં વિસ્તાર માટે નિયુક્ત શાળાનું સરનામું જાણવું જોઇએ.<br><br>ફાઉન્ડેશન (પ્રેપ)માં દાખલો કરાવો પરથી માતાપિતાઓ/સંભાળકર્તાઓ માટેનું દાખલાની માહિતી સંહિતા ડાઉનલોડ કરી શકાય છે. |
| **સત્ર 2 2023નાં અઠવાડિયા 1થી** | પ્રાથમિક શાળાઓ ભાવિ પરિવારો અને તેમના શાળા સમુદાયમાં દાખલાની માહિતી સંહિતાનું વિતરણ કરી શકે છે. |
| **સત્ર 2 2023નાં અઠવાડિયા 1થી** | **દાખલાની અરજીઓ શરૂ થાય છે** - આ તારીખથી માતાપિતાઓ/સંભાળકર્તાઓ તેમની ભરેલી દાખલાની અરજી સરકારી પ્રાથમિક શાળામાં જમા કરાવી શકે છે. |
| **સત્ર 3: સોમવારને 10 જુલાઇ 2023 - શુક્રવારને 15 સપ્ટેમ્બર 2023** | |
| **શુક્રવારને 28 જુલાઇ 2023 સુધીમાં** | **દાખલાની અરજી કરી દેવી** - આ તારીખ સુધીમાં માતાપિતાઓ/સંભાળકર્તાઓએ તેમની ભરેલી દાખલાની અરજી સરકારી પ્રાથમિક શાળામાં જમા કરાવી દેવી. |
| **શુક્રવારને 11 ઑગસ્ટ 2023 સુધીમાં** | પ્રાથમિક શાળાઓ ખાતાંની નિયુક્તિ નીતિ હેઠળ 'દાખલાનાં અગ્રતાક્રમ' અનુસાર ફાઉન્ડેશન (પ્રેપ)માં દાખલાનાં પરિણામોની લેખિત જાણ માતાપિતાઓ/સંભાળકર્તાઓને કરશે. તેમાં દાખલો મળ્યાની પુષ્ટિ કરતો પત્ર, દરખાસ્ત પત્ર અથવા અરજી અસફળ રહ્યા પત્રનો સમાવેશ થઇ શકે છે.<br><br>અરજી અસફળ રહ્યાનો પત્ર મેળવનાર માતાપિતાઓ/સંભાળકર્તાઓ તેમની પસંદગીની પ્રાથમિક શાળાને લેખિત બિન-નિયુક્તિ અરજીઓ જમા કરાવવાનું શરૂ કરી શકે છે. |
| **શુક્રવારને 25 ઑગસ્ટ 2023** | દરખાસ્ત પત્ર મોકલવામાં આવ્યો હોય તેવા માતાપિતાઓ/સંભાળકર્તાઓ તેમના બાળકની જગ્યા સ્વીકાર્યાની સૂચના આ તારીખ સુધીમાં આપશે. |
| **શુક્રવારને 25 ઑગસ્ટ 2023** | માતાપિતાઓ/સંભાળકર્તાઓ તેમની પસંદગીની પ્રાથમિક શાળાને લેખિત બિન-નિયુક્તિ અરજીઓ જમા કરાવવા**ની આખર તારીખ.** |
| **શુક્રવારને 15 સપ્ટેમ્બર 2023** | આ તારીખ સુધીમાં પ્રાથમિક શાળાઓ બધાં જ માતાપિતાઓ/સંભાળકર્તાઓને તેમની બિન-નિયુક્તિ અરજીનાં પરિણામની જાણ લેખિતમાં કરશે. |
| **સત્ર 4: સોમવારને 2 ઓક્ટોબર 2023 - બુધવારને 20 ડિસેમ્બર 2023** | |
| **સત્ર 4, 2023 દરમ્યાન** | પ્રાથમિક શાળાઓ સંક્રમણ સત્રો યોજશે. |

| | |
|---|---|
| **શુક્રવારને 20 ઓક્ટોબર 2023 સુધી** | માતાપિતાઓ/સંભાળકર્તાઓ માટે તેમની પસંદગીની પ્રાથમિક શાળાને કે જ્યાં તેમની અરજી નિષ્ફળ રહી હોય ત્યાંનાં સંબંધિત પ્રાદેશિક નિર્દેશકને લેખિત બિન-નિયુક્તિ અરજી જમા કરાવવા**ની આખર તારીખ.** |
| **શુક્રવારને 17 નવેમ્બર 2023** | આ તારીખ સુધીમાં પ્રદેશો બધાં જ માતાપિતાઓ/સંભાળકર્તાઓને તેમની પ્રાદેશિક નિર્દેશકને કરેલ બિન-નિયુક્તિ અરજીનાં પરિણામની જાણ લેખિતમાં કરશે. આ ફક્ત શુક્રવારને 20 ઓક્ટોબર 2023ની આખર તારીખ સુધીમાં મળેલ અરજીઓને જ લાગુ પડે છે. |